# શિંદેની હકાલપટ્ટી કરવા ભાજપની માંગ

## શિંદેના ઉચ્ચારણો સામે દેશભરમાં ભાજપના દેખાવો

નવી દિલ્હી, તા. ૨૪

ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેના 'ભગવા આતંકવાદ' વાળા નિવેદનના વિરોધમાં આજે દેશભરમાં દેખાવો કર્યા હતા. દિલ્હીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ વિપક્ષના નેતા અને ભાજપના સિનિયર નેતા સુષ્મા સ્વરાજે કહ્યું હતું. સ્વરાજે શિંદેના ભગવા આતંકવાદવાળા નિવેદનની ઉગ્ર ટીકા કરી હતી. તેમણે કહ્યું કે શિંદેના આ નિવેદનો દેશને નુકસાન પહોંચાડ્યું છે. તેમણે કહ્યું કે ભગવા બલિદાનનું પ્રતિક છે. કોઈએ ભગવો રંગ જોવો હોય તો કુંભમેળાને જુએ.

ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ રાજનાથસિંહે આ મુદ્દે સોનિયા ગાંધી જવાબ આપે તેવી માગણી કરી હતી. તેમણે કહ્યું કે જો શિંદેને બરતરફ કરવામાં નહીં આવે તો ભાજપ સંસદથી સડક સુધી એવો માહોલ બનાવશે કે સોનિયાએ તેમને હટાવવા માટે મજબૂર બનવુ બનશે.

વિરોધ દેખાવોનો આ સિલસિલો અન્ય રાજ્યોમાં પણ ચાલ્યો હતો. ચંડીગઢમાં ભાજપના કાર્યકરોએ શિંદેનું પૂતળું બાળ્યું હતું. ચંડીગઢમાં વિરોધ કરતા લોકો પર પોલીસે વોટર (પાણીનો) મારો ચલાવ્યો હતો.

આ પહેલા દિલ્હીમાં સવારે ભાજપના સેંકડો કાર્યકરો સુષ્મા સ્વરાજના નેતૃત્વમાં વિરોધ દેખાવો કરીને જંતરમંતર પર જમા થયા હતા. આમાં ભાજપના મહામંત્રી અનંતકુમાર, વિજયકુમાર મલ્હોત્રા વગેરે સામેલ હતા. થોડીવાર બાદ ભાજપથી અધ્યક્ષ રાજનાથસિંહ પણ ત્યાં પહોંચ્યા હતા. રાજનાથના પ્રવચન બાદ જંતરમંતર ખાતે પણ શિંદેના પૂતળાને બાળવામાં આવ્યું હતું.

સુષ્માએ તેમના ભાષણમાં ભગવા આતંકવાદના શિંદેના નિવેદનનો વિરોધ કરી ગૃહમંત્રાલય માફી માગે તેમ જણાવ્યું હતું. જંતરમંતર પર તીખા પ્રહારો કરતા સુષ્મા સ્વરાજે કહ્યું કે ભગવા અને ત્રાસવાદ એક નથી. ભગવો બલિદાનનું પ્રતિક છે. તેને આવું




કહીને બલિદાન પરંપરાનું અપમાન કરવામાં આવ્યું છે. શિંદેના નિવેદનનો રાષ્ટ્રીય અપમાન ગણાવતા તેમણે કહ્યું કે જો કોઈએ ભગવો રંગ જોવો હોય તો કુંભ ચાલ્યા જાય જ્યાં ચારે તરફ માત્ર ભગવો જ નજરે પડશે. શિંદેના નિવેદન બાબતે સુષમાએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, વડાપ્રધાન અને ગૃહમંત્રાલય માફી માગી શિંદેને બરતરફ કરવાની માંગણી કરી હતી.

બીજી તરફ દિગ્વિજયસિંહે ભાજપના આ વિરોધ પ્રદર્શનો બાબતે કહ્યું કે ભાજપ એક દલિતને ગૃહપ્રધાન તરીકે સહન કરી શકતો નથી. તેમણે કહ્યું કે જો ભાજપ સુશીલકુમાર શિંદે પાસે માફી મગાવવા કહે છે તો રાજનાથસિંહ લાલકૃષ્ણ અડવાણી અને ઉમા ભારતીએ પ્રજ્ઞા સિંહને મળવા અને તેની તરફેણ કરવા બદલ માફી માગવી જોઈએ.ભાજપ શિંદે સામે આજે રસ્તા ઉપર આવી ગયા હતા એટલું જ નહીં શિંદેના નિવેદન વિરુદ્ધ અદાલતમાં જવાનો સિલસિલો પણ શરૂ થઈ ગયો છે. દિલ્હી અને જયપુરમાં કેસ દાખલ થઈ ચૂક્યા છે. અનો અન્ય સાંખ્યાબાંધ સ્થળોએ કેસ દાખલ કરવાની કાર્યવાહી થઈ રહી છે.

## ચિદમ્બરમ અમીરો પર ટેક્સ લાદવા ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૨૪

નાણા પ્રધાન પી ચિદમ્બરમ વધારે અમીર લોકો પર થોડોક વધારે ટેક્સ લાગૂ કરવાની દરખાસ્ત પર આગળ વધી રહ્યા છે. જો તમામ બાબત યોજનાપૂર્વક આગળ વધશે તો વધારે અમીર લોકો પર ટેકસ લાગૂ કરવા માટે બજેટમાં જાહેરાત કરવામાં આવી શકે છે. છેલ્લા બે દિવસથી વિદેશી રોકાણકારો સાથેની બેઠકમાં ચિદમ્બરમ એક સ્થાયી કરવેરા વ્યવસ્થા પર ભાર મૂકી રહ્યા છે. તેમણે



કહ્યુ છે કે તેઓ પોતે સ્થાયી કરવેરા વ્યવસ્થામાં વિશ્વાસ રાખે છે. જો કે તેમણે કબૂલાત કરી હતી કે અર્થવ્યવસ્થા અને સરકારને વધારે સંશાધનોની જરૂર છે ત્યારે વધારે અમીર લોકો સ્વૈચ્છિકરીતે થોડાક વધુ ટેક્સની ચૂકવણી કરે તે અતિ જરૂરી છે. આ દરખાસ્ત પર વિચારણા ચાલી રહી છે. તાજેતરમાં જ ઉદ્યોગપતિ અજીમ પ્રેમજીએ વધારે અમીર લોકો પર વધારે ટેક્સ લાગૂ કરવાની રજુઆત કરી હતી. ચિદમ્બરમે એક ન્યૂઝ ચેનલ સાથેની મૂલાકાતમાં કહ્યુ છે કે આનો મતલબ એ નથી કે કરવેરાના દર સ્થાયી હોવા જોઈએ નહીં. તેમણે કહ્યુ હતુ કે વધારે અમીર લોકોને કેટલાક પ્રસંગોએ વધારે ટેક્સની ચૂકવણી કરવી જોઈએ. તેમણે ઉમેર્યુ હતુ કે આ એક ચર્ચા માત્ર છે. હજુ સુધી આમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આગામી મહિને રજુ કરવામાં આવનાર બજેટ અંગે ચિદમ્બરમે કહ્યુ હતુ કે ચૂંટણીને ધ્યાનમાં લઈને બજેટ તૈયાર કરવામાં આવતા નથી. ચૂંટણી બજેટથી ૧૪ મહિનાના અંતરે છે. બજેટ એક જવાબદાર બજેટ રહેશે. તેમણે કહ્યુ હતુ કે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજુ કરતી વેળા ઘણી બાબતો પર ધ્યાન આપવા સરકાર મહેસૂલી ખાદ્યને ઘટાડવા પ્રયાસ કરી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે રેટિંગ સંસ્થાઓને અહીંથી આગળ વધારવા ઉપર વિચારણા કરવાની જરૂર છે. ઉલ્લખનીય છે કે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના ચેરમેન સી રંગરાજન સહિત જુદા જુદા નિષ્ણાંતો વધુ અમીર લોકો પર વધારે ટેક્સ લાગૂ કરવાની તરફેણ કરી ચુક્યા છે. ગઈ કાલે જ વિપ્રોના ચેરમેન અજીમ પ્રેમજીએ કહ્યુ હતુ કે વધારે અમીર લોકો પર ઊંચા દરે ટેક્સની રૂપરેખા બિલકુલ યોગ્ય છે. બીજીબાજુ નાણાં મંત્રીએ કરવેરાની જાળને વધુ વિસ્તૃત બનાવવાની પણ તૈયારી કરી લીધી છે. મળેલી માહિતી મુજબ આગામી બજેટમાં કરવેરાની જાળને વધુ મજબુત બનાવાશે.

## આઈટી અધિકારીઓને ગડકરીની ધમકી

**કોંગ્રેસ અને આઈટીના કેટલાક અધિકારી હાલમાં તેમની સામે કાવતરા ઘડી રહ્યા છે : તેમને દોષિત ઠેરવવા પ્રયાસ થઈ રહ્યા છે : નીતિન ગડકરીનો દાવો**

નાગપુર,તા. ૨૪

ભાજપના પ્રમુખપદેથી રાજીનામુ આપી દીધા બાદ આજે પ્રથમ વખત પોતાના વતન નાગપુર પહોંચેલા નીતિન ગડકરીએ આવકવેરા વિભાગનો ધમકી ભરેલા અંદાજમાં ચેતવણી આપી હતી. ભાજપના પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરીને આવકવેરા વિભાગને ચેતવણી આપતા કહ્યુ હતુ કે જો ભાજપની સરકાર આવશે તો ક્યા જશો. નીતિન ગડકરીના જણાવ્યા મુજબ અધ્યક્ષ પદની ચૂંટણીથી પહેલા કોંગ્રેસના ઈશારા પર ચાલી રહેલા આવકવેરા વિભાગે કાવતરા ઘડી કાઢ્યા હતા. હજુ પણ નાગપુર, પુણે અને દિલ્હીમાં બેસીને કાવતરા ઘડાઈ રહ્યા છે. કાવતરા ઘડી રહેલા આવકવેરા વિભાગના અધિકારીઓના નામ પણ તેમની



પાસે હોવાની વાત ગડકરીએ કરી હતી. આ કોણ કોણ છે અને કઈ રીતે તેમને ફસાવ્યા છે તે અંગે પણ માહિતી છે. આ તમામમાંથી મોટાભાગના અધિકારી કાવતરામાં સામેલ છે. ભાજપ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર કેટલાક લોકોએ તેમને કાવતરા અંગે માહિતી આપી છે. ગડકરીએ કહ્યુ હતુ કે આવકવેરા અધિકારીઓને યાદ રાખવું જોઈએ કે કોંગ્રેસની નૌકા ડુબી ગઈ છે. જ્યારે તેમની સરકાર જશે ત્યારે તેમને બચાવવા સોનિયા ગાંધી આવશે નહીં. ગડકરીએ એમ પણ કહ્યુ હતુ કે તેમની સામે કોંગ્રેસ સરકારે કાવતરુ ઘડી કાઢ્યુ છે. તેઓ દિલ્હીમાં બેઠેલા કોંગ્રેસના નેતાઓના ભ્રષ્ટાચારના આક્ષેપોનો પર્દાફાશ કરશે. તેમના જણાવ્યા મુજબ તેમની સામે ખોટા પ્રચાર કરીને કોંગ્રેસે કાવતરા ઘડ્યા છે. ભાજપના અધ્યક્ષ હજુ સુધી હતા જેથી મર્યાદા પાળી રહ્યા હતા પરંતુ હવે તેઓ કોઈ બંધનમાં નથી. નાગપુરમાં ગડકરીએ મીડિયા સામે પણ પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે તેમની સામે કાવતરામાં અંગ્રેજી મીડિયા પણ સામેલ છે.

## હવે ટ્રેનો અને સ્ટેશન ઉપર ભોજનની ગુણવત્તા સુધરશે

નવી દિલ્હી,તા. ૨૪

ટ્રેનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવતા ભોજનને લઈને યાત્રીઓની ફરિયાદને દૂર કરવા માટે રેલવે દ્વારા હવે નવી વ્યવસ્થા કરવામાં આવી છે જેના ભાગરૂપે ટ્રેનોમાં ભોજન સામે ફરિયાદ કરવા માટે ૧૮૦૦૧૧૧૩૨૧ નંબર રાખવામાં આવ્યો છે.

આ ટોલ ફ્રી નંબરની રેલવે દ્વારા શરૂઆત કરવામાં આવી છે જે સમગ્ર સપ્તાહ દરમિયાન સવારે સાત વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. ટ્રેનો અને સ્ટેશનો પર કેટરિંગ સેવા સામે ફરિયાદોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે એવા સમયમાં ચિંતિત રેલવે મંત્રાલય દ્વારા આ દિશામાં પગલા લેવામાં આવ્યા છે. રેલવે પ્રધાન પવનકુમાર બંસલે હવે શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરી છે જેમાં આ ટોલ ફ્રી નંબર પણ સામેલ છે. યાત્રીઓ માટે ભોજનની ગુણવત્તાને સુધારવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. બંસલનું કહેવું છે કે યાત્રીઓ આ ટોલફ્રી નંબર પર કોલ કરીને તેમની ફરિયાદ નોંધાવી શકે છે અને ફરિયાદ બાદ પગલા લેવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે ફરિયાદમાં ઓવર ચાર્જીંગ, ઓછી ગુણવત્તાની ચીજવસ્તુઓ અથવા તો પેટા સ્તરની ગુણવાત્તાવાળી ચીજવસ્તુઓ અંગે ફરિયાદ કરવામાં આવી શકે છે. તેમણે ઉમેર્યુ હતુ કે આ નંબર ૧૮મી જાન્યુઆરી બાદથી ઓપરેશનમાં છે. ૨૬ ફરિયાદો હજુ સુધી આ સંબંધમાં મળી ચુકી છે. કેટરિંગ કોન્ટ્રાક્ટરોની ભૂલ સામે પગલા લેવા યાત્રીઓને ખાતરી આપતા બંસલે કહ્યુ છે કે ટ્રેનો અને સ્ટેશનો પર કોન્ટ્રાક્ટરો પર નજર રાખવા નિયમિત ચકાસણી માટે એક મોબાઈલ ટીમની રચના કરવામાં આવી છે. જે તમામ બાબતોમાં ધ્યાન રાખશે.

## કોલસા બ્લોકની ફાળવણી અંગે કેન્દ્રની સત્તા સામે પ્રશ્નો

નવી દિલ્હી,તા. ૨૪

સુપ્રીમ કોર્ટે આજે કંપનીઓને કોલસા બ્લોકની ફાળવણી કરવા કેન્દ્રની સત્તાઓ સામે પ્રશ્નો કર્યા હતા અને કહ્યુ હતુ કે આ મામલે ઘણીબધી કાયદાકીય સ્પષ્ટતાઓ કરવામાં આવી ચુકી છે. આ કામગીરી હાથ ધરવા કાયદાઓમાં માત્ર રાજ્યોને જ સત્તા આપવામાં આવેલી છે. સુપ્રીમો કોર્ટે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર માઈન્સ એન્ડ મિનરલ એક્ટની અવગણના કરી શકે નહીં. આમાં કંપનીઓને કોલસા બ્લોકની ફાળવણી કરવા કેન્દ્ર સરકારને કોઈ પણ પ્રકારની સત્તાઓ આપવામાં આવી નથી. જસ્ટિસ આરએમ લોધા અને જે ચેલેમેશ્વરની બનેલી બેચે કહ્યુ હતુ કે કોલ માઈન્સ એક્ટની જોગવાઈ મુજબ આગળ વધવાની જરૂર છે. સંશાધનોની ફાળવણી કરવા તેને સત્તા છે કે કેમ તે મામલામાં તપાસ થવી જોઈએ. બેંચે કહ્યુ હતુ કે માઈન્સ એન્ડ મિનરલ રેગ્યુલેશન એક્ટ ૧૯૫૭ હેઠળ કેન્દ્રને કોઈ પણ પ્રકારની સત્તાઓ આપવામાં આવી નથી જેથી કાયદાઓની અવગણના કરવાનો કોઈ મતલબ નથી. ઘણી બધી કાયદાકીય સ્પષ્ટતાઓ તરફ ધ્યાન આપવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોલસા બ્લોકની ફાળવણીને લઈને પહેલાથી જ વિવાદ ઉભો થઈ ચુક્યો છે. એટર્ની જનરલ જીઈ વાહણવટીએ કહ્યુ હતુ કે તેઓ પ્રશ્નોનો જવાબ આપવા ઈચ્છુક નથી. તેઓએ આ મુદ્દામાં અભ્યાસ કરવા વધુ સમય માંગ્યો હતો ત્યાર બાદ બેંચે છ સપ્તાહનો સમય કેન્દ્રને આપ્યો હતો. બેંચે એડવોકેટ એમએન શર્મા અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં હાલમાં સીટ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

**જગનમોહન રેડ્ડીને ફરી ફટકો પડ્યો**

## સંપત્તિ કેસમાં જગનમોહનની જામીન અરજી ફગાવી દેવાઈ

હૈદરાબાદ,તા. ૨૪

વાયએસઆર કોંગ્રેસના વડા વાયએસ જગનમોહન રેડ્ડીને આજે મોટો ફટકો પડ્યો હતો. તેમને આવરી લેતા અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં જગનમોહન રેડ્ડીની જામીન અરજીને આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. નિયમિત જામીન અરજી આજે સવારે ફગાવી દેવામાં આવી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ૨૪મી ડિસેમ્બરે જગનમોહનની કાયદાકીય જામીન અરજી ફગાવી દીધી હતી.

સીબીઆઈએ આંધ્રપ્રદેશના હાઈકોર્ટ સમક્ષ ૨૨મી જાન્યુઆરીના દિવસે એવી રજૂઆત કરી હતી કે જગનમોહન રેડ્ડીના કેસમાં તે ઝડપથી તપાસ આગળ વધારી શકી નથી. કારણ કે રાજ્ય સરકાર તરફથી તેમને મદદ મળી રહી નથી.

જામીન માટે દલીલો કરતા જગનમોહનના વકીલ એસ નિરંજન રેડ્ડીએ અગાઉ એવી ફરિયાદ કરી હતી કે તપાસનો ક્યારેય અંત થશે નહીં. કારણ કે ઉદાસીન રીતે તપાસ ચાલી રહી છે. અપૂર્ણ તપાસના નામે જામીન મળી રહ્યા નથી. જો કે સીબીઆઈએ એવી દલીલ કરી હતી કે જામીન અરજી સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ માન્ય રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે જગન મોહન અંતિમ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ જામીન માટે ટ્રાયલ કોર્ટમાં જઈ શકે છે. ૨૮મી નવેમ્બરના દિવસે ખાસ સીબીઆઈ અદાલતે તેમની વૈધાનિક જામીન અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તપાસ પેન્ડિંગ હોવાથી હાલના તબક્કે જામીન આપવાની બાબત યોગ્ય દેખાઈ રહી નથી.

### ભારત-પાકિસ્તાન સરહદ પાસે ૧૫ કિલોગ્રામ હેરોઈન કબજે

એક મોટી સફળતાના ભાગરૂપે સરહદ સુરક્ષાદળ(બીએસએફે) આંતરરાષ્ટ્રીય બજારમાં ૭૫ કરોડની કિંમત ધરાવનાર ૧૫ કિલોગ્રામ હેરોઈનનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. આ ઉપરાંત એક પાકિસ્તાનમાં બનાવવામાં આવેલી પિસ્તોલ પણ મેળવી લીધી છે. આ સંબંધમાં ડેરાબાબા નાનક સેક્ટરમાંથી ભારતીય દાણચોર ભુપેન્દ્રરસિંહની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. બીએસએફના ઈન્સ્પેક્ટર જનરલ આદિત્ય મિશ્રાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે બીએસએફની ટૂકડીને સવારે નવ વાગે ડેરાબાબા નાનક સેક્ટર પર કેટલીક અનિચ્છનીય હિલચાલ જોવા મળી હતી. ત્યારબાદ બીએસએફના જવાનોએ સાવધાની રાખીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દાણચોરોની હિલચાલને નિહાળ્યા બાદ બીએસએફના જવાનોએ શરણાગતિ સ્વીકારી લેવા તેમને પડકાર ફેંક્યો હતો પરંતુ આ લોકોએ ફરાર થઈ જવાનો પ્રયાસ કર્યો હતો જે પૈકી એક દાણચોર ઝડપાઈ ગયો હતો જ્યારે અન્ય બે ફરાર થઈ ગયા હતા. ધરપકડ કરવામાં આવેલો દાણચોર ભુપેન્દરસિંહ તરીકે ઓળખાયો હતો.

## ૭ સાંસદો, ૨૯ ધારાસભ્યો વિરુદ્ધ ભ્રષ્ટાચારના કેસો છે

નવી દિલ્હી,તા. ૨૪

હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા અને તેમના પુત્રને ખાસ સીબીઆઈ અદાલત દ્વારા ૧૨ વર્ષ જૂના શિક્ષક ભરતી કૌભાંડમાં અપરાધી ઠેરવીને આંકરી જેલની સજા કરવામાં આવી છે પરંતુ કાયદાના સંકંજામાં હજુ પણ ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ આવી શક્યા નથી. એશોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ (એડીઆર) દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ચૂંટણી પંચ સમક્ષ તેમની પોતાની એફીડેવીટમાં રજૂ કરવામાં આવેલી માહિતીના આધાર ઉપર સાત વર્તમાન સાંસદો અને ૨૯ ધારાસભ્યો ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. લોકસભાના સાંસદોમાં આરજેડીના નેતા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ જે સારન મતવિસ્તારમાંથી ઉમેદવાર છે. તે ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત અન્ય સભ્યોમાં વારંગલ મતવિસ્તારમાંથી ચૂંટાયેલા કોંગ્રેસના રાજૈયા, ખડૂલ સાહીબમાંથી ચૂંટાયેલા અકાળીદળના રતનસિંહ પણ કાયદાના સંકંજામાં આવી શક્યા નથી. આ તમામ ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. આવી જ રીતે રાજ્ય સભામાં ત્રણ સાંસદો જાહેર કરી ચૂક્યા છે કે તેઓ તેમની સામે ભ્રષ્ટાચારના કેસો ધરાવે છે. આમા ડીએમકેના નેતા ટી એમ સેલવા ગણપતિ, ભાજપના ફગંનસિંહ કુલસ્તે અને કોંગ્રેસના રસીદ મસૂદનો સમાવેશ થાય છે. રાજકીય પક્ષો હમેશા એવા દાવા કરતા આવ્યા છે કે ભ્રષ્ટાચાર સામે લડત ચલાવવામાં આવશે પરંતુ તેઓ ભ્રષ્ટાચારીઓને તક આપે છે. આ પક્ષોએ એવા ૯૮ ઉમેદવારોને લોકસભા અને વિધાનસભાની ટિકિટ આપી હતી જે છેલ્લા પાંચ વર્ષમાં ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ કેસ હોવાની જાહેરાત કરી ચૂક્યા છે. રાજકીય પક્ષોમાં કોંગ્રેસ સૌથી આગળ છે. કોંગ્રેસે લોકસભા અને વિધાનસભામાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ ઉમેદવારોને ટિકિટ આપી હતી. ત્યારબાદ બહુજન સમાજ પાર્ટીએ નવ, અન્નાદ્રમુકે સાત, શિરોમણી અકાળીદળના છ, ડીએમકેના પાંચ, ભાજપના પાંચ, આઈએમએલડીના ચાર અને આરજેડીએ ચાર-ચાર ઉમેદવારોને ટિકિટ આપી હતી. રાજ્ય વિધાનસભાઓમાં પણ સ્થિતિ વધારે સારી રહી નથી. રાજકીય પક્ષોએ વિધાનસભાની ચૂંટણીમાં છેલ્લા પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારના કેસોનો સામનો કરતા ૮૦ ઉમેદવારોને ટિકિટ આપી હતી. આ ૮૦ ઉમેદવાર પૈકી ૨૯ જીતી ગયા હતા અને હાલ ધારાસભ્ય છે. આ ૨૯ ધારાસભ્યો દ્વારા ફોજદારી કેસો તેમની સામે હોવાની જાહેરાત કરી હતી જે પૈકી તમિલનાડુના સાત, હરિયાણા, ઝારખંડ અને પંજાબના ત્રણ-ત્રણ ઉમેદવારો છે. હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ઓરિસ્સા વિધાનસભામાં બે-બે એવા ઉમેદવારો છે જેમની સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ કેસ થયેલા છે. કોંગ્રેસે તેમની સામે પેન્ડીંગ રહેલા ભ્રષ્ટાચારના કેસમાં મામલામાં ઉમેદવારોને ટિકિટ આપવામાં સૌથી આગળ છે. કોંગ્રેસે આવા આઠ ઉમેદવારોને ટિકિટ આપી છે. ત્યારબાદ અન્નાદ્રમુકે છ અને ચૌટાલાનો પક્ષ આઈએનએલડી દ્વારા ત્રણને ટિકિટ અપાઈ છે.

### સમાચાર ઝલક

- ૧૦ હિંદુ આતંકવાદીઓના નામ જાહેર કરતું ગૃહખાતુ.
- વિદેશીભક્તોને આકર્ષતો રંગબેરંગી કુંભમેળો.
- ગયા ખાતે માર્ગ અકસ્માતમાં ૧૫ શ્રધ્ધાળુઓનાં મોત થયા.
- વિદ્યા બાલન : લગ્ન પછી પણ બોલ્ડ સીન કરીશ.
- ચાર બાળકોની માતા, ૪૦૦ કિલોગ્રામ વજન ધરાવતી બોડી બિલ્ડર છે.
- મહિલાઓ સામેનાં અપરાધ અટકાવવા દરેક જિલ્લામાં ખાસ પોલીસદળ.
- મહિલાઓ પરનાં અત્યાચાર રોકવા શ્રેણીબધ્ધ સૂચનો સાથે વર્મા સમિતિનો અહેવાલ સુપરત.
- સબસીડાઇઝ્ રાંધણ ગેસ સિલીન્ડરમાં આધાર કાર્ડ ફરજિયાત.
- એસ્પીરીનના નિયમિત ઉપયોગથી અંધાપાનું જોખમ વધે છે.
- આવક મુક્તિ મર્યાદા વધવાની શક્યતા, ડ્રિમ બજેટ રજૂ કરશે ચિદંમ્બરમ્.
- રજપૂત સગર્ભા પત્નીને પોલીસ સબ ઇન્સ્પેક્ટર પતિએ ગોળીમારી પતાવી દીધી.
- દૂધ ઉત્પાદનમાં પંજાબને પાછળ રાખતું ગુજરાત. વિશ્વભરમાં દૂધ ઉત્પાદનમાં ભારત મોખરે.
- કુંભમેળામાં દોઢ કરોડનાં ઘરેણા પહેરેલાં ગોલ્ડ બાબા આકર્ષણનું કેન્દ્ર.
- કેન્દ્ર તથા ગુજરાત રાજ્યના કર્મચારીઓને ૮% મોંઘવારી વધારો મળવાપાત્ર થયો, તા.૦૧/૦૧/૨૦૧૩થી મળવાપાત્ર થશે.
- મહિલાઓને સંકટ સમયે બચાવશે સેફ્ટી ડિવાઇસ.
- તા.૧લી ફેબ્રુઆરી આર્થિક-સામાજિક ગણતરીનો પ્રારંભ.
- એનિમિયા અટકાવવા શાળાઓમાં બાળકોને લોહતત્ત્વની ગોળી અપાશે.
- કમલ હસનની ફિલ્મ વિશ્વરૂપમની રિલીઝ સામે પ્રતિબંધ. લોકોનાં રોષથી લેવાયેલો નિર્ણય.
- પ્રજાસત્તાક દિન પછી સનદી અધિકારીઓની બદલી માટે તૈયાર થયો તખ્તો.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૪) પટેલ ધાર્મિક. એસ : સે-૨૦થી
પ્રશ્ન - શેખ સાદી કઈ ભાષાના મહાકવિ હતા?
જવાબ - ફારસી ભાષાનાં
(૫) પરમાર હેતલ. એચ : સે-૧૪થી
પ્રશ્ન - સૌથી વધુ અબરખ કયા દેશોમાં થાય છે?
જવાબ - ભારત, કેનેડા, બ્રાઝિલ, રશિયા

**● આ સપ્તાહનો સવાલ...?**

વજુભાઈ વાળા વિધાનસભાના કેટલામાં અધ્યક્ષ બન્યા?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

(૧)ક (૨)અ (૩)અ (૪)બ (૫)અ (૬)ક (૭)ક (૮)ક (૯)બ
(૧૦)બ (૧૧)બ (૧૨)ક (૧૩)બ (૧૪)ક (૧૫)અ